# ૯. મૃત પ્રાણીઓ અંગે ઈન્કવેસ્ટ પંચનામું

*અમો ઉપર લખેલા નામવાળા પંચોને આજરોજ તમો પોલીસના બોલાવવાથી મોજે પાંજરાપોળની વીડમાં આવેલ ઘેટાં બકરાં અવસાન પામેલ હોઈ આગળ દરવાજા પાસે આવી હાજર થયા.*

*અત્રે તમો પોલીસે અમો પંચોને સમજ કરી કે પો. સ્ટે.ર ગુ.ર. નં. ../૦૮ આઈ.પી.સી. કલમ ર૭૯, ૧૮૮ તથા પશુ ઘાતકીપણાની કલમ ૧૧-ડી, ઈ, એલ મુજબના કામે પાંજરાપોળમાં મૂકેલ ઘેટાં, બકરાં, કુલ્લે ૩૪૦ પૈકી ઘેટાં નંગ-૪ (ચાર) તથા બકરાં નંગ -૧૦ નું કોઈ બીમારીના કારણે મરણ થયેલ હોઈ જેઓનું ઈન્કવેસ્ટ પંચનામું લખાવવા ફરમાન થતાં પંચમાં રહેવા સ્વખુશી દર્શાવી જોઈ તપાસી પંચનામું લખાવીએ છીએ કે,*

*અત્રે આ કામે ખબર આપનાર .....બનાવની જગ્યાએ હાજર હોઈ અમો આગળ ચાલી બનાવવાળી જગ્યા બતાવતા હોઈ જે બનાવવાળી જગ્યા જોતાં મોજે ...... બે કિલોમીટર ખાડી તરફ જવાના રોડે આવેલ ..... પાંજરાપોળની હદમાં આવેલ ઘેટાં-બકરાં રાખવાના હોલમાં તથા પશ્ચિમ બાજુએ આવેલા વાડામાં નથી ખોલીયામાં રાખેલ છે. સદરી ઘેટાં-બકરાં રાખવાનો વાડો ખુલ્લો છે. જે વાડાની લંબાઈ ૭૦ ફૂટ તથા પહોળાઈ ૫૦ ફૂટના આશરાની છે. જે વાડામાં ઘૂસવાના દરવાજા દશેક ફૂટ દૂર વાડામાં ફરતા ભાગમાં એક (૧) સફેદ કલર બકરો જેની ઉ.વ. ૩ વર્ષ આશરાનો મરણ થયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં અને પાછળનો ભાગ પશ્ચિમ દિશામાં તથા તેના પગ દક્ષિણ દિશામાં અને પીઠનો ભાગ ઉત્તર તરફ પડેલ જણાય છે. તેની નજીકમાં નં. (ર) એક કાળા કલરની બકરી જેની ઉ.વ. ર વર્ષની મરણ થયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં અને પાછળનો ભાગ પશ્ચિમ દિશામાં અને જેના પગ ઉત્તર તરફ અને પીઠનો ભાગ દક્ષિણ તરફ પડેલ જણાય છે તથા તેની નજીકમાં નં. (૩) એક બકરો કાળા કલરનો જેની ઉ.વ. ર વર્ષની મરણ થયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં અને પાછળનો ભાગ પશ્ચિમ દિશામાં જેના પગ ઉત્તર દિશામાં અને પીઠનો ભાગ દક્ષિણ દિશામાં પડેલ જણાય છે તેની નજીક નં. (૪) એક બકરો સફેદ રંગનો જેની ઉ.વ. ૧ા વર્ષના આશરાનો મરણ થયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ તરફ અને પાછળનો ભાગ પશ્ચિમ તરફ જેના પગ દક્ષિણ તરફ અને પીઠનો ભાગ ઉત્તર તરફ પડેલ જણાય છે તથા તેનાથી થોડે દૂર પાંચેક ફૂટના અંતરે (૫) એક કાળો તથા સફેદ કલરનો બકરો જેની ઉ.વ. ૧ વર્ષ આશરાનો મરણ થયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં તેનો પાછળનો ભાગ પશ્ચિમ દિશામાં અને જેના પગ ઉત્તર તરફ અને પીઠનો ભાગ દક્ષિણ તરફ પડેલ જણાય છે તથા તેના નજીકમાં નં. (૬) એક કાળા કલરનો બકરો જેની ઉંમર આશરે ૧ માસનો મરણ થયેલ જણાય છે જેનું માથું પશ્ચિમ દિશામાં પાછળનો ભાગ પૂર્વ દિશામાં પીઠનો ભાગ પૂર્વ દિશામાં અને જેના પગ દક્ષિણ દિશામાં અને પીઠનો ભાગ ઉત્તર દિશામાં પડેલ જણાય છે તથા નજીક ઢાળિયા બાજુ નં. (૭) એક લાલ રંગનો બકરો જેની ઉં.વ. આશરે ૩ વર્ષનો મરણ થયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં અને પાછળનો ભાગ પશ્ચિમ તરફ અને જેના પગ દક્ષિણ દિશામાં અને પીઠનો ભાગ ઉત્તર દિશામાં આવેલ જણાય છે તથા સદર વાડાથી પશ્ચિમ બાજુએ એક ઢાળિયું પૂર્વ દિશાના મોઢાવાળું જેની લંબાઈ ૭૦ ફૂટ અને પહોળાઈ ૧૦ ફૂટના છે. ઢાળિયામાં પૂર્વથી પશ્ચિમ ઉત્તર-દક્ષિણની દીવાલને અડીને પાણી ભરી રાખવાનું આવેલ તથા ઘાસ નાખવાનું ધમણ આવેલ જણાય છે.*

જેના ઉપર સિમેન્ટનાં પતરાં નાખવામાં આવેલ છે અને જેના પિલ્લર આઠ આવેલ છે. જે ઢાળીમાં ઢાળિયાથી દક્ષિણ બાજુથી પૂર્વથી પશ્ચિમ બાજુ દીવાલથી નજીક નં. (૮) એક સફેદ કલરની ઘેટી ઉ.વ. ૧ આશરાની મરણ ગયેલ હાલતમાં પડેલ જણાય છે. જેનું માથું ઉત્તર દિશામાં તથા પાછળનો ભાગ દક્ષિણ દિશામાં અને તેના પગ પૂર્વ તરફ અને પીઠનો ભાગ પશ્ચિમ દિશામાં પડેલ જણાય છે તથા તેની નજીક પિલ્લર પાસે નં. (૯) એક સફેદ કલરની ઘેટી જેની ઉ.વ. ૨ વર્ષ આશરાની મરણ ગયેલ હાલતમાં પડેલ જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં અને પાછળનો ભાગ પશ્ચિમ બાજુએ અને તેના પગ દક્ષિણ બાજુએ અને પીઠનો ભાગ ઉત્તર દિશામાં પડેલ જણાય છે અને તેની નજીક ત્રણેક ફૂટ દૂર ઉત્તર બાજુએ એક નં. (૧૦) એક સફેદ કલરની ઘેટી જેની ઉં.વ. ૨ ના આશરાની મરણ ગયેલ હાલતમાં પડેલ જણાય છે. જેનું માથું પશ્ચિમ દિશામાં અને પાછળનો ભાગ પૂર્વ દિશામાં તથા જેના પગ દક્ષિણ બાજુએ અને પીઠનો ભાગ ઉત્તર બાજુએ પડેલ જણાય છે તથા તેની નજીક નં. (૧૧) એક લાલ કલરનો બકરો જેની ઉં.વ. ૩ વર્ષના આશરાનો મરણ ગયેલ હાલતમાં જણાય છે. જેનું માથું પૂર્વ દિશામાં અને પાછળનો ભાગ પશ્ચિમ બાજુએ અને જેના પગ ઉત્તર તરફ અને પીઠનો ભાગ દક્ષિણ બાજુએ આવેલ છે તથા ઢાળિયાથી ત્રીજા પિલ્લર નજીક નં. (૧૨) એક કાળા કલરનો બકરો જેની ઉ.વ. ૧ાા ના આશરાની જે મરણ ગયેલ હાલતમાં જણાય છે. જેનું માથું દક્ષિણ દિશામાં અને પાછળનો ભાગ ઉત્તર દિશામાં અને જેના પગ પશ્ચિમ દિશામાં અને પીઠનો ભાગ પૂર્વ બાજુએ પડેલ જણાય છે અને ઢાળિયાના પાછ્ચમા પિલ્લર નજીક નં. (૧૩) એક સફેદ કલરનો બકરો જેની ઉ.વ. ૨ના આશરાની છે જે મરણ ગયેલ હાલતમાં પડેલ જણાય છે. જેનું માથું પશ્ચિમ દિશામાં અને પાછળનો ભાગ પૂર્વ દિશામાં અને પગ દક્ષિણ દિશામાં અને પીઠનો ભાગ ઉત્તર દિશામાં પડેલ જણાય છે. સદર મરણ ગયેલ ઘેટાં નંગ-૩ અને બકરાં નંગ-૧૦ નાઓ કોઈ બીમારીના કારણે મરણ ગયેલ અને તેમ છતાં સદર ઘેટાં બકરાંના મરણનું ચોક્કસ કારણ જાણવા સારુ પી.એમ. થવા અમો પંચોનો અભિપ્રાય છે.

જેની સદર બનાવવાળી જગ્યાએથી ઉત્તરે ઘેટાં બકરાં રાખવા અંગેના હોલ તથા ઢાળિયાના પૂર્વ પશ્ચિમથી આશરે ૧૨ ફૂટની ઊંચાઈવાળી દીવાલ આવેલ છે. જે દીવાલ છોડી ઉત્તરે વીડની ખુલ્લી જગ્યા આવેલ છે તેમજ દક્ષિણે ઘેટાં બકરાં રાખવાના વાડા તથા હોલ તથા ઢાળિયામાં આવવા જવાનો દરવાજો તથા પૂર્વ પશ્ચિમની દીવાલ આવેલ છે તે દીવાલ છોડી ખુલ્લી જગ્યા આવેલ છે. તેમજ પશ્ચિમે ઘેટાં બકરાં રાખવાના ઢાળિયાની ઉત્તર-દક્ષિણની દીવાલ છોડી લચકાના વાવેતરવાળું ખેતર આવેલ છે. તેમજ પૂર્વે ઘેટાં-બકરાં રાખવાનો બીજો હોલ આવેલ છે તે હોલ છોડી બોર તરફ જવા આવવાનો કાચો રસ્તો આવેલ છે. એ રીતેના ચતુર સીમા આવેલ છે.

એ રીતેનું ઈન્કવેસ્ટ પંચનામું અમો પંચોના નજરે જોઈ તપાસી લખાવ્યા મુજબનું બરાબર અને ખરું હોઈ વાંચી સમજી સમજાવી આ નીચે અમો પંચોની સહીઓ કરેલ છે. તા. ....... ના કલાક .... વાગે પૂરું.

**રૂબરૂ**

**સહી**

•••